


વાર્ષિકોત્સવ - ગાંધીનગરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા સેન્ટ ઝેવિયર્સના બાળકોએ જગતના તાતની રસપ્રદ શૈલીમાં નૃત્યની અભિવ્યક્તિ કરી હતી... દેશના વિવિધ પ્રાંતોમાં કૃષિ ક્ષેત્રના વિવિધ પાસાઓ અને ખેડૂતોની રસપ્રદ વાતોને વણી લેતા થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો. વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમંત્રિતોથી ખીચોખીચ ભરાયેલા ટાઉનહોલમાં સાંસ્કૃતિક માહોલ છવાયો હતો. **(તસવીર : દિપક જાની)**

# સંસ્કૃતિ કુંજમાં આરોગ્ય વિષયક પગલાં લેવા આરોગ્ય તંત્રની તાકીદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા વસંતોત્સવમાં આવતા પ્રેક્ષકો માટે આરોગ્ય વિષયક પગલાંઓ લેવા આરોગ્યતંત્રએ પત્ર લખીને જણાવ્યુ છે.

સંસ્કૃતિ કુંજ ખાતે નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્રએ સ્વાઈન ફલુના વધતા જતા પ્રકોપને ધ્યાને રાખી પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે કડક તાકીદ કરી છે એટલુ જ નહિ જો આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા જરૂર હોય તો ૧૪૪નું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા નિયત અરજી કરવા પણ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના ૪૨ થી વધુ કેસ નોંધાયા છે તેમજ ૩ દર્દીઓના સારવાર દરમ્યાન મૃત્યુ પણ નોંધાયા છે. સ્વાઈન ફલુ એ વાયરલથી ફેલાતો રોગ છે તેમજ સંપર્કમાં આવવાથી પણ થઈ શકે છે.

આરોગ્યતંત્રએ ભીડ બહુ થતી હોય તેમજ ધુળની રજકણો વધુ ઉડતી હોય તેવા વિસ્તારોમાં લોકોને ન જવાની અને જાવ તો પુરતા તકેદારીના પગલાં લેવા પણ વિનંતી કરી છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્યતંત્ર કલમ ૧૪૪નુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે તે દિશામાં કવાયત હાથ ધરી છે અને સોમવારે અથવા મંગળવારે આ અંગેની દરખાસ્ત જિલ્લાતંત્રને આપવામાં આવશે. આ પછી તંત્ર દ્વારા આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે. અમદાવાદ-સુરત કલેકટરોએ આવા જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે. દરમ્યાન રાજ્ય સરકારે પણ આવુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવા અંગેની કેટલીક માર્ગદર્શક સૂચનાઓ પણ તંત્રને આપી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં પાણી-ગટરવેરાની પ્રારંભિક ઝુંબેશના અંતે ૪૦ લાખની વસુલાત

## વર્ષો જુના બાકી માંગણાને રીકવર કરવાનું તંત્ર માટે ચેલેન્જરૂપ

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ૧૫ દિવસના અંતે તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૪૦ લાખની વસુલાત કરવામાં આવી છે. પાણી-ગટર વેરા ક્ષેત્રે તંત્રના ચોપડે જુની બાકી વસુલાતનો આંકડો રીકવર કરવાનું પણ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યું છે.

શહેરનાં પાણી-ગટરના ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી વેરો ઉઘરાવવા તંત્ર દ્વારા ઝુંબેશ શરુ કરી દેવાઈ છે. આ વખતે પાણી-ગટર વેરાના બીલની વહેંચણીનું કામ ઝડપભેર પૂર્ણ થતા વેરો વસુલવાની કામગીરી પણ ચાલુ મહીનાના પ્રારંભથી જ શરુ કરી દેવાઈ છે. નગરના નવા અને જુના સેકટરોમાં પાણી ગટર વરો વસુલવા કાઉન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. અત્યાર સુધી તંત્ર દ્વારા અંદાજિત વેરા વસુલાત પેટે બાકી માંગણા સામે રૂ. ૪૦ લાખ વસુલ કરવામાં આવ્યા છે. બીજી તરફ વર્ષો જૂના બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. પાણી-ગટર વેરા ક્ષેત્રે જૂના માંગણાને રીકવર કરવાનું કામ તંત્ર માટે મુશ્કેલ બન્યું છે. આ મામલે વિભાગ કક્ષાએથી પણ કોઈ અસરકારક પગલા ન લેવાતા જૂના માંગણાનો આંકડો સતત વધી રહ્યો છે. આવા સંજોગોમાં જૂની વસુલાત રીકવર કરવાનું પણ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યું છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં વેરા વસુલાતની ચુકવણીના મામલે નિરસતા સેવાઈ રહી છે.




**બેસણું**

અમારા અંતરના આપ્તજન અને સાહૃદયી ભાઈશ્રી **ચંદ્રસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી**નું દુ:ખદ અવસાન તા. **૨૫-૦૨-૨૦૧૫ને બુધવાર**ના રોજ થયેલ છે. ઈશ્વરને ગમ્યુ તે ખરૂં. સદ્‌ગતનું બેસણું **તા. ૦૨-૦૩-૨૦૧૫ને સોમવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે** અને સુંવાળા સવારે ૬ થી ૮ કલાકે રાખેલ છે.

**સ્થળ : રૂપરાજ કંપાઉન્ડ, પોલીસ સ્ટેશન સામે, પેથાપુર તા.જી. ગાંધીનગર**

**લિ. સૂર્યસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી (એડવોકેટ)**
પ્રવકતા- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
ડાયરેકટર- દેના ગુજરાત ગ્રામીણ બેંક

ગં.સ્વ. સરલાબા ડાભી પૃથ્વીસિંહજી ડાભી હેતલસિંહજી દેવડા
ગં.સ્વ. કૈલાસબા રાણા જયદેવસિંહજી ડાભી વિજયસિંહજી રાણા
સ્વ.શ્રી એકતાબા દેવડા ધૈર્યદેવસિંહજી ડાભી અનિરૂધ્ધસિંહ રાણા
પારૂલબા ડાભી, સોનલબા ડાભી, હિનાબા ડાભી, કુ.જાહ્નવીબા, કું અંજલિબા, કું. વિધિબા, કુ.કાલિન્દીબા, કું.મેઘાબા

ફર્મ: સન બિલ્ડર્સ, એકતા કન્સ્ટ્રકશન, પેથાપુર : સંપર્ક : ૨૩૨ ૧૬૫૫૫, (મો) ૯૮૨૫૦૧૩૫૬૬, ૯૫૩૭૩૮૭૮૭૮


# 'ખ' માર્ગ ૯ મહીનામાં સીક્સલેન બનશે

## એપ્રિલમાં કામ શરૂ થશે : એક પણ વૃક્ષ કાપવાની જરૂરિયાત નથી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના 'ખ' માર્ગને સીક્સલેન બનાવવાની દરખાસ્તને આખરે માર્ગ-મકાન વિભાગ દ્વારા મંજૂરી આપી દેવાઈ છે. 'ખ' માર્ગને સીક્સલેન બનાવવા માટે રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ખ-૦ થી ખ-૭ ના ૭.૮ કી.મી.ના માર્ગને સીક્સલેન બનાવવાનું કામ એપ્રિલમાં શરૂ થશે.



શહેરમાં મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ સીક્સલેન છે, જ્યારે મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ નગરના 'ખ' અને 'ગ' માર્ગ પર ટ્રાફીકનો ધમધમાટ વધ્યો છે. બીજી તરફ મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ ઉપર પણ ટ્રાફીકનું ભારણ વધ્યુ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ શહેરી રોડનેટવર્ક અપગ્રેડ કરવા નગરના 'ગ' અને 'ખ' માર્ગને સીક્સલેન બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ અન્વયે તંત્રકક્ષાએથી માર્ગ-મકાન વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હતી. આ અંતર્ગત શહેરના 'ખ' માર્ગને સીક્સલેન બનાવવાનાકામને વિભાગ કક્ષાએથી મંજૂરી આપી દેવાઈ છે. 'ખ' માર્ગને સીક્સલેન બનાવવા પાછળ અંદાજિત રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ખ-૦ થી ખ-૭ના ૭.૮ કી.મી.ના રૂટમાં એક પણ વૃક્ષ કાપવાનો પ્રશ્ન ઉભો થતો નથી. આગામી એપ્રિલ મહીનામાં 'ખ' માર્ગનું કામ શરૂ કરી દેવાશે. આ કામગીરી ૯ મહીનામાં પૂર્ણ કરી દેવાશે.


Rotary

**રોટરી ક્લબ ઓફ ગાંધીનગર**
(RI District 3051, 2014-15)
અને **કડી સર્વ વિશ્વ વિદ્યાલય,**
ગાંધીનગર આયોજિત

**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૫ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન**



**વક્તા : શ્રી મુકેશ એમ. પટેલ**
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ

PARAM

તારીખ : **૩ માર્ચ, ૨૦૧૫. મંગળવાર**
સમય : **સાંજે ૬.૦૦ થી ૮.૦૦**
સ્થળ : **શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર - ૨૩, ગાંધીનગર**

**છેલ્લા ૧૩ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યુ નિમંત્રણ છે**

સાંજે ૫.૩૦ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે

Program Supported By KALPA-TARU Power Transmission Limited



Being absolute means completeness without compromises!



6 Rooms Premium Living

SIDDHRAJ | Z+
A Tropical Experience

Project Marketed by: tps The Property Shop Call: +91 97251 07999


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com